# Shree Somnath Sanskrit University, Veraval

**35th Executive Council and 21st Academic Council Joint Meeting, held on Date: 30/07/2015**

---

Resolution Number: 21.04/35.02

It was decided to organize a national and international conference at Somnath by the university considering the funds of the government and also getting a grant by proposing to the government.

યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીનાં ભંડોળને ધ્યાને લઈ તેમજ સરકારશ્રીને દરખાસ્ત કરી ગ્રાન્ટ મેળવી સોમનાથ ખાતે રાષ્ટ્રીય આંતર રાષ્ટ્રીય ગોષ્ઠીનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું

Shree Somnath Sanskrit University
VERAVAL

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમીક કાઉન્સિલ તથા એકઝીકયુટીવ કાઉન્સિલ સંયુકત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમીક તથા એકઝીકયુટીવ કાઉન્સિલની ૨૧ મી તથા ૩૫મી બેઠકનું સંયુકત રીતે આયોજન તા.૩૦મી જૂલાઈ, ૨૦૧૫ના રોજ ૧૧:૩૦ કલાકે શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય, છારોડી ખાતે આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે પ્રમાણેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

૧. માન.કુલપતિશ્રી–અધ્યક્ષશ્રી
૨. ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા
૩. શ્રી મેહુલભાઈ ભટ્ટ
૪. ડો.રાજેન્દ્રપ્રસાદ શુકલા
૫. ડો.મેહુલભાઈ શાહ
૬. પ્રિ.ગિરીશભાઈ ઠાકર
૭. ડો.કમલેશ ચોકસી
૮. ડો.પ્રજ્ઞાબેન જોષી
૯. ડો.અર્ચનાબેન દુબે
૧૦. શ્રી ગોવિંદભાઈ પટેલ
૧૧. ડો.કાંતિભાઈ ભટ્ટ
૧૨. વસુમતિબેન દવે
૧૩. ડો.લલિતભાઈ પટેલ
૧૪. ડો.અમૃતલાલ ભોગાયતા
૧૫. ડો.દશરથ જાદવ – કા.કુલસચિવ

સંયુકત બેઠકની શરૂઆત મંગલાચરણથી કરવામાં આવી હતી. તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં નવનિયુકત કુલપતિશ્રી પ્રો.અર્કનાથ ચૌધરીજીનું ઉપસ્થિત સૌ મહાનુભાવશ્રીઓએ અભિવાદન કરી સ્વાગત કર્યુ. તેમજ માન.કુલપતિશ્રીએ તેમનાં સમયગાળા દરમ્યાન યુનિવર્સિટી નવા શિખરો સર કરે તે માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

૨૧.૦૧ /૩૫.૦૧ તા.૨૯/૦૫/૧૫ થી તા.૩૦/૦૭/૨૦૧૫ સુધીનાં સમય ગાળામાં યુનિવર્સિટી દ્વારા થયેલ કામગીરીનો લેખિતમાં અહેવાલ આપવામાં આવ્યો હતો. તેમજ તે બાબતે કુલસચિવશ્રીએ સૌને અવગત કર્યા હતા.

૨૧.૦૨ યુનિવર્સિટી દ્વારા યુવક મહોત્સવનાં આયોજન અને નિયમો બનાવવા માટે એકેડેમીક કાઉન્સિલમાં એક કમિટિનું ગઠન કરવામાં આવેલ હતું જે કમિટિની બેઠકમાં લેવાયેલ નિર્ણયોને તેમજ બનાવેલ નિયમોને બહાલી આપવામાં આવી અને યુનિવર્સિટી યુવક મહોત્સવ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નિર્ણય કરવામાં આવ્યો કે દર વર્ષે શૈક્ષણિક વર્ષનાં પ્રથમ સત્રમાં યુવક મહોત્સવનું આયોજન કરવું અને જે પ્રતિસ્પર્ધિઓ જે તે સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરે તે સ્પર્ધકને રાજયની અને રાજય બહારની થતી સ્પર્ધાઓમાં મોકલવા.

૨૧.૦૩ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલયો/કોલેજમાં ફરજ બજાવતા તમામ પ્રાધ્યાપકશ્રીઓ માટે ફેકલ્ટી વાઈઝ ત્રિદિવસીય નિવાસી પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો તેમજ તેનું સંકલન અને સંચાલન માન.કુલપતિશ્રીનાં માર્ગદર્શનમાં ફેકલ્ટી ડીનશ્રીઓ કરશે તેમ નકકી કરવામાં આવ્યું. તેમજ યુનિવર્સિટી/મહાવિદ્યાલયનાં પ્રાધ્યાપકશ્રીઓ માટે એકેડેમીક સ્ટાફ કોલેજ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવતું હોય છે તો તેને દરખાસ્ત કરવી અને તે મંજૂરી આપે તો ૭ કે ૧૦ દિવસનો પ્રશિક્ષણ કાર્યક્રમ કરવો તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૪ /૩૫.૦૨ યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીનાં ભંડોળને ધ્યાને લઈ તેમજ સરકારશ્રીને દરખાસ્ત કરી ગ્રાન્ટ મેળવી સોમનાથ ખાતે રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય ગોષ્ઠીનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૫ યુનિવર્સિટી ખાતે શિક્ષણ મેળવેલા ભાઈઓ/બહેનોને માર્ગદર્શન મળી રહે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે જરૂરી ફી લઈ કેન્દ્ર શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૬ /૩૫.૦૩ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજ/પીજીડીસીએ સ્ટડી સેન્ટર/ડિપ્લોમા કેન્દ્રો પર સરકારશ્રી/યુનિવર્સિટીનાં ધારા ધોરણ પ્રમાણેનું શૈક્ષણિક કાર્ય થાય છે કે કેમ તેનું મોનીટરીંગ કરવા માટેની માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ચાર ઝોન વાઈઝ કમિટિ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જે કમિટિમાં ૧ મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રી, ૧ ઈ.સી./એ.સી.નાં સભ્યશ્રી અને એક ડીનશ્રીની કમિટિ બનાવવી તેમ નકકી કરવામાં આવ્યું. જે કમિટિમાં એ.સી./ઈ.સી.નાં સભ્ય તરીકે (૧) ડો.ગિરીશભાઈ ઠાકર, પાલનપુર (૨) ડો.કૃષ્ણપ્રસાદ નિરૌલા,નડિયાદ (૩) શ્રી મેહુલભાઈ ભટ્ટ, પેટલાદ (૪) શ્રી ગોવિંદભાઈ પટેલ, ગાંધીનગર રહેશે જયારે પ્રધાનાચાર્યશ્રીઓમાંથી (૧) ડો.સનતકુમાર ઉપાધ્યાય, દ્વારકા (૨) ડો.કાંતિભાઈ ભટ્ટ, સુરત (૩) ડો.હિતેન્દ્રભાઈ વ્યાસ, સોલા (૪) શ્રી હિમતભાઈ દવે, અંબાજી રહેશે જયારે ડીનશ્રીઓનાં નામ માન.કુલપતિશ્રી સુચવે તે નામ કમિટિમાં રહેશે. તેમજ ઉકત નામોમાંથી માન.કુલપતિશ્રી ઝોન વાઈઝ કમિટિની રચના કરશે અને માન.કુલપતિશ્રી અધ્યક્ષ તરીકે

રહી મોનીટરીંગ કરશે. તેમજ સંપૂર્ણ રીપોર્ટ મળ્યા બાદ માન.કુલપતિશ્રી એક સમીક્ષા કમિટિ બનાવી રીપોર્ટ તૈયાર કરશે.

૨૧.૦૭ /૩૫.૦૪ યુનિવર્સિટીમાં હાલ શાસ્ત્રી પ્રથમ અને દ્વિતીય વર્ષમાં પરીક્ષામાં ઉત્તરની ભાષામાં સંસ્કૃતની સાથે અન્ય ભાષામાં લખવાની વૈકલ્પીક છુટ આપવામાં આવેલ હતી. તે ન આપવી જોઈએ તેવા મત સાથે સંસ્કૃત મહાવિદ્યાલયનાં પ્રધાનાચાર્યશ્રીઓ તેમજ ગુજરાત રાજય સંસ્કૃત અધ્યાપક મંડળની રજૂઆત ને ધ્યાને લઈ બેઠકમાં આ બાબતે ચર્ચા વિચારણા કરી સર્વાનુમને નીચે મુજબનો નિર્ણય કરવામાં આવ્યો.

સંસ્કૃત પરંપરા સિવાયનાં વિદ્યાર્થીઓને સરળતાથી સંસ્કૃત યુનિવર્સિટીમાં પ્રવેશ મળી શકે તે માટે તેમજ તેને સંસ્કૃતમાં પ્રવેશની તક મળે તે માટે માત્ર શાસ્ત્રી કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા પુરતું સંસ્કૃત સાથે અન્ય ભાષાથી પરીક્ષામાં લખાણ લખી શકશે તેવો નિર્ણય કરવામાં આવ્યો એટલે કે શાસ્ત્રી કક્ષાનાં સેમેસ્ટર ૨ થી ૬ , આચાર્ય કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૪ , એમ.ફિલ.કક્ષાનાં સેમેસ્ટર ૧ થી ૨ જેવા તમામ અભ્યાસક્રમની પરીક્ષામાં ઉત્તરવહીનું માધ્યમ સંસ્કૃત ભાષા રહેશે તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. એમ.એ.યોગ અભ્યાસક્રમ માટે ભાષાનું માધ્યમ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત રહેશે. એમ.ફિલ.અને પીએચ.ડી.નો વાયવા તેમજ ઓપન વાયવાનું માધ્યમ સંસ્કૃત રહેશે તેમ નકકી થયું.

૨૧.૦૮ માન.મુખ્યમંત્રીશ્રી તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરીનાં થયેલ પત્ર અનુસંધાને તેમજ મહાનુભાવશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે યુનિવર્સિટી ખાતે ચાલતા એમ.ફિલ./પીએચ.ડી.અભ્યાસક્રમનાં વાયવામાં ઓડિયો/વિડીયો રેકોર્ડિંગ કરી તેની સી.ડી.બનાવવી અને તે સબબની જરૂરી કરવાની થતી કાર્યવાહી યુનિવર્સિટી કક્ષાએ કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

૨૧.૦૯ /૩૫.૦૫ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે ' સોમનાથ ' નાં નામથી પુસ્તક પ્રકાશન શ્રેણી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જે માટે યુનિવર્સિટી પર ઉપલબ્ધ ગ્રાન્ટને ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવાનું નકકી કરવામાં આવ્યું.

૩૫.૦૬ યુનિવર્સિટી ખાતે વહીવટી અધિકારી વર્ગ–૧ તેમજ શૈક્ષણિક અધિકારી માટે આવશ્યક સુવિધા પુરી પાડવા નિર્ણય કરવામાં આવ્યો.

૩૫.૦૭ યુનિવર્સિટીની ફીકસ પગારથી મંજૂર થયેલ વહીવટી જગ્યાઓ જયાં સુધી ન ભરાય ત્યાં સુધી કામગીરીનાં ભારણને ધ્યાને લઈ માન.કુલપતિશ્રી રાજય સરકારશ્રીનાં મંજૂર થયેલા ફિકસ પગારની મર્યાદામાં તદન હંગામી ધોરણે જરૂરી સમયગાળા માટે જાહેરાત આપ્યા વિના નિમણૂંક કરી શકશે જે બાબતને મંજૂરી આપવામાં આવી અને આ અંગેની તમામ સત્તા માન.કુલપતિશ્રીને આપવામાં આવી.

મહાનુભાવશ્રીનાં સુચનો :–

૨૧.૧૦ /૩૫.૦૮ યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને તમામ વિદ્વાનશ્રીઓનો લાભ મળે તે માટે અભ્યાસક્રમને ધ્યાને લઈ જે તે વિષય/યુનિટ પ્રમાણે તેમની ઓડિયો/વિડીયો સી.ડી.તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું. જે માટે રાજય સરકારશ્રીમાંથી ગ્રાન્ટ માટે દરખાસ્ત કરવી અને યુનિવર્સિટીની સંલગ્ન મહાવિદ્યાલય/કોલેજનાં પ્રાધ્યાપકશ્રીઓની તેમજ બહારનાં વિદ્વાનશ્રીઓની સેવા લેવાનું નકકી કરવામાં આવ્યું.

૨૧.૧૧ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી એન.સી.ટી.ઈ.દ્વારા બી.એડ્.અભ્યાસક્રમ બે વર્ષનો કરવામાં આવેલ છે. શિક્ષાશાસ્ત્રી ફેકલ્ટી દ્વારા ચાલુ વર્ષેથી બી.એડ્.નાં પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ તૈયાર કરી રજૂ કરેલ હોય આ અભ્યાસક્રમને બહાલી આપવામાં આવી. આ રજૂઆત ફેકલ્ટી મેમ્બર તથા એકેડેમીક કાઉન્સિલનાં સભ્યશ્રી ડો.વસુબેન દવે દ્વારા કરવામાં આવેલ.

બેઠકના અંતે કુલસચિવશ્રીએ સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કર્યો હતો.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ